શ્રી કે. જી. વણઝારા, અધિક સચિવ, વર્ગ-૧
(નિવૃત્ત)ને કરારના ધોરણે નિમણૂક આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
હુકમ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૫/૩૨૪/ઇ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૬/૦૫/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિ.નો તા.૨૫/૫/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ.૨
(૨) સા.વ.વિ.નો તા.૧૫/૩/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨(ભાગ-૨)/ગ.૨
(૩) ના.વિ.નો તા.૨૨/૩/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૨/૧૯૩/ચ
(૪) આ વિભાગના તા.૨૬/૫/૨૦૧૫નો કાર્યાલય આદેશ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૪/૧૦૮૦/ઇ

હુકમ:-

આ વિભાગમાં નાયબ સચિવની ખાલી પડેલ જગ્યાની કામગીરી માટે તા.૩૧/૦૧/૨૦૧૪નાં રોજ વયનિવૃત્ત થયેલ શ્રી કે. જી. વણઝારા, અધિક સચિવ(નિવૃત્ત)ને તા.૨૧/૫/૨૦૧૭ થી એક વર્ષ માટે તા.૦૭/૦૭/૨૦૧૬ના ઠરાવમાં દર્શાવેલ શરતો અને બોલીઓને આધિન કરાર આધારિત નિમણૂક આપવા અંગે સરકારશ્રીની મંજૂરી મળેલ છે. તદનુસાર વિભાગમાં નાયબ સચિવની ખાલી પડેલ જગ્યા પર શ્રી કે. જી. વણઝારાને અધિક સચિવ તરીકે તા.૨૧/૫/૨૦૧૭ થી એક વર્ષ માટે કરાર આધારિત નિમણૂક આપવામાં આવે છે. શ્રી કે. જી. વણઝારાએ નિયામકશ્રી, વિકસતિ જાતિનો વધારાનો હવાલો પણ સંભાળવાનો રહેશે.

૨. શ્રી કે. જી. વણઝારાની કરાર આધારિત નિમણૂક દરમિયાન તેમની નિવૃત્તિ સમયના પે ઇન ધ પે બેન્ડમાં પગાર રૂ.૪૪,૭૭૦/-અને ગ્રેડ-પે રૂ.૮૯૦૦/-મળી કુલ રકમ રૂ.૫૩,૬૭૦/-(૪૪,૭૭૦/-+રૂ.૮૯૦૦/-) ના ૬૦ ટકા તરીકે માસિક રૂ.૩૨,૨૦૨=૦૦(અંકે રૂપિયા બત્રીસ હજાર બસો બે પુરા) ફીકસ વેતન ચૂકવવાનું રહેશે. તથા તેમને પેન્શન પર ટેમ્પરરી ઇક્રીઝ મળવાપાત્ર રહેશે.

૩. શ્રી કે. જી. વણઝારાની કરાર આધારિત નિમણૂક અંગેની અન્ય શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

૧. ઉભય પક્ષે એક માસની નોટીસ આપીને તેમની આ કરાર આધારિત નિયુક્તિનો અંત લાવી શકશે.

૨. ફીકસ વેતન ઉપર શ્રી કે. જી. વણઝારા ને કોઇ પણ જાતના બીજા ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

૩. કરાર આધારિત નિયુક્તિના સમયગાળા દરમિયાન તેમને તેમના ફીકસ વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો, ઇજાફો, મોંઘવારી ભથ્થું વચગાળાની રાહત કે પગાર પંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહીં.

૪. કરાર આધારિત આ નિયુક્તિ દરમ્યાનની તેમની સેવા બદલ કોઇ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી., રજાનું રોકડમાં રૂપાંતર, પેશગી કે. અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

૫. કરાર આધારિત નિયુક્તિના સમયગાળા દરમ્યાન આકસ્મિક અવસાન પ્રસંગે તેમણે બજાવેલ ફરજના સમયગાળાના ફીકસ વેતનની લેણી રકમ તેમના કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ એકસગ્રેસીયા ઉચ્ચક રકમ કે એવા બીજા કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

૬. અધિક સચિવ તરીકેની તેમની કરાર આધારિત નિયુક્તિ દરમ્યાન વિભાગમાં અધિક સચિવશ્રીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી સર્વ ફરજો તેમણે બજાવવાની હશે. તે માટે કચેરીના ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય કે જરૂરિયાત હોય તે સમય પ્રમાણે તેમણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.

૭. તેમની કરાર આધારિત નિયુક્તિ દરમ્યાન તેમને ૧૨ પરચૂરણ રજા મળવાપાત્ર રહેશે. પરંતું અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.

૮. આ પ્રમાણે નિમણૂક થતાં શ્રી કે. જી. વણઝારાને કાર્યમથક પર રહેણાંક રાખવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત સત્તાધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં.

૯. આ પ્રમાણે નિમણૂક પામતાં શ્રી કે. જી. વણઝારાને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારના પ્ર્વર્તમાન ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

૧૦. કરારથી નિમણૂક પામતા શ્રી કે. જી. વણઝારાને ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરાર આધારિત નિયુકિત કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૧. તેમને મળનાર ફીકસ વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ તેમણે આપવાનું રહેશે.

આ હુકમો માન. મુખ્ય મંત્રીશ્રીએ સામાન્ય વહીવટ વિભાગની સંબંધિત ફાઇલ ઉપર મંજૂરી આપેલ હોઇ, સામાન્ય વહીવટ વિભાગની તા.૧૬/૦૫/૨૦૧૭ની નોંધ મુજબ બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(એચ. જી. ભાભોર)**
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
* માન. મંત્રીશ્રી,(સા.ન્યા.) અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* માન. રાજયકક્ષા મંત્રીશ્રી(સા.ન્યા.અ.) અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
* અધિક મુખ્ય સચિવશ્રી,(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* અગ્ર સચિવશ્રી,(સા.ન્યા.અ.)ના અંગત મદદનીશશ્રી, તરફ જાણ સારૂ.
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
* પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
* મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
* નિયામકશ્રી, પેન્શન એન્ડ પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
* સેકશન અધિકારીશ્રી,(ગ-૨) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

* સેકશન અધિકારીશ્રી,(ગ-૨ સેલ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

* શ્રી કે. જી. વણઝારા,(નિવૃત્ત) અધિક સચિવ, પ્લોટ નં.૩૬૪/૨, સેકટર-૧, ગાંધીનગર.

* નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.

* સેકશન અધિકારીશ્રી,(અ, અ-૧ અને બજેટ શાખા) સામાજિક ન્યા. અને અ, વિ. સ. ગાંધી.

* રોકડ શાખા(૩-નકલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

* ઉપ સચિવશ્રી(HRMS CeLL), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

* સીસ્ટમ ઓપરેટર, ટીસીએસ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધી

* સિલેકટ ફાઇલ-૨૦૧૭